રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP) હેઠળની યોજનાઓના અમલ તથા તેના માર્ગદર્શક સિદ્ધાંતોમા જણાવેલ હેતુઓ માટે જિલ્લાકક્ષાની સમિતિની રચના કરવા બાબત.

૨૩ ડી.એ.ટે.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૨૪૨૪૭૫/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૬/૦૮/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૩/૦૪/૨૦૧૮ નો પત્રક્રમાંક :નવપ/NSAP/૧૮-૧૯/૧૬૯૭

(૨) ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકારની ઓક્ટોબર, ૨૦૧૪ની રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP)ની માર્ગદર્શિકા.

ઠરાવ:

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP) વર્ષ ૧૯૯૫થી અમલમાં છે. આ કાર્યક્રમ હેઠળ ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના (IGNOAPS), ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજના (IGNWPS), ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના (IGNDPS), રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (NFBS) તથા અન્નપૂર્ણા યોજનાનો સમાવેશ થાય છે. જે પૈકી ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના અને ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજનાનો અમલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા કરવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા NSAP હેઠળની યોજનાઓનાં ધોરણોમાં ફેરફાર કરી નવી ગાઇડલાઇન -૨૦૧૪ બહાર પાડવામાં આવેલ છે. ગાઇડ લાઇનનાં પ્રકરણ-કનાં પેરા ૬(૧)(૨)માં જણાવ્યા મુજબ NSAPનાં અમલીકરણ માટે જિલ્લાકક્ષાની સલાહકાર સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ (NSAP)ના અમલ, સમીક્ષા અને મૂલ્યાંકન માટે જિલ્લાકક્ષાની સલાહકાર સમિતિની આથી નીચે મુજબ રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | જિલ્લા કલેકટરશ્રી | પ્રમુખશ્રી |
| ૨ | જિલ્લા કક્ષાના સંબધિત ખાતાનાં અધિકારી<br>(૧)જિલ્લા આરોગ્ય અધિકારી<br>(૨)જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી<br>(3)જિલ્લા પુરવઠા અધિકારી | સભ્યશ્રી |
| 3 | ગ્રામ/ તાલુકા પંચાયત અને નગરપાલિકાનાં ૪ પ્રતિનિધિઓ | સભ્યશ્રી |
| ૪ | તજજ્ઞો અને સ્વૈ. સંસ્થાઓના ૪ પ્રતિનિધિઓ | સભ્યશ્રી |
| ૫ | સંબધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી | સભ્ય સચિવશ્રી |

આ સમિતિ NSAPનાં અમલીકરણ , મોનીટરીંગ અને મુલ્યાંકન માટે જવાબદાર રહેશે. સમિતિ દર મહિને રાજ્યના નોડલ વિભાગને રિપોર્ટ કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

(આર.કે.પાંડર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી ,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સંબધિત વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિટીના અન્ય સભ્યશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લાના કલેકટરશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ,સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.